Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विज्ञान-परिभाषा

पदार्थविद्या तथा रसायन

प्रकाशन
गुजरात विद्यापीठ

२७१
५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞાનની પરિભાષા

[પદાર્થવિજ્ઞાન અને રસાયણ]

ચાલુ પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

૧૭૫/૫

૨૦૬૦
૩.૧૨.૨૦૧૭

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિનાં પુસ્તકો

(૧) ચાલણગાડી	૦—૨—૦
(૨) ગુજરાતી પહેલી	૦—૪—૦
(૩) ,, બીજી	૦—૫—૦
(૪) ,, ત્રીજી	૦—૬—૦
(૫) ,, ચોથી	૦—૮—૦
(૬) ,, પાંચમી	૦—૯—૦
(૭) ,, છઠ્ઠી	૦—૧૦—૬
(૮) ,, સાતમી	૦—૧૨—૬
(૯) કાવ્ય પરિચય ભા–૧લો	૦—૧૦—૦
(૧૦) ,, ,, ભા–૨જો	૦—૧૨—૦
(૧૧) કુંવરબાઈનું મામેરું	૦—૧૦—૦
(૧૨) સુદામા ચરિત	૦—૧૦—૦
(૧૩) સુદામાજીના કેદારા	૦—૧—૬
(૧૪) સદ્‌બોધશતકમ્	૦—૧૨—૦
(૧૫) નવલગ્રંથાવલિ	૨—૦—૦
(૧૬) હિન્દુસ્તાની પાઠાવલી નાગરી	૦—૭—૦
(૧૭) ,, ,, ઉર્દૂ	૦—૧૨—૦
(૧૮) બિરસાકોશ	છપાય છે
(૧૯) રાષ્ટ્રભાષાનો ગુજરાતી કોશ	છપાશે
(૨૦) ઉર્દૂ લિપિ શિક્ષિકા	,,
(૨૧) સાર્થ જોડણીકોશ	,,
(૨૨) નામાનાં તત્ત્વો	,,
(૨૩) વર્ધા શિક્ષણ યોજના	,,
(૨૪) વર્ધા કેળવણીનો પ્રયોગ	,,

CHECKED 1973
Initial

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ય ઉપયોગી પુસ્તકો

આત્મકથા	૨—૦—૦
,, (હાથ કાગળમાં)	૩—૦—૦
નીતિનાશને માર્ગે	૦—૮—૦
અનાસક્તિયોગ	૦—૪—૦
હિંદ સ્વરાજ	૦—૪—૦
જીવનનો આનંદ	૩—૦—૦
જીવતા તહેવારો	૧—૦—૦
લોકમાતા	૦—૮—૦
હિમાલયનો પ્રવાસ	૧—૮—૦
ગીતાધર્મ	૧—૦—૦
ગાંધીવિચારદોહન	૦—૧૪—૦
ગીતામંથન	૨—૦—૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	
કન્યાને પત્રો	૦—૮—૦
કૌશિકાખ્યાન	૦—૩—૦
ભારતસેવક ગોખલે	૧—૮—૦
હિંદુસ્તાનની ગરીબાઈ	૦—૧૪—૦
આપણો આર્થિક પ્રશ્ન	૧—૦—૦
ઇન્દુને પત્રો	૧—૪—૦
સ્વદેશી સમાજ	૦—૮—૦
મધપૂડો	૧—૦—૦
બાપુ	૦—૧૨—૦
સીતાહરણ	૦—૧૨—૦
આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા	૨—૦—૦
ઐતિહાસિક વાર્તામાળા	૦—૧૨—૦
હિંદી તવારીખ	૦—૧૦—૦
પ્રાકૃતિક ભૂગોળ	૦—૧૨—૦
બુદ્ધલીલા	૦—૧૨—૦
ગાંધીજી	૦—૭—૦
મારી જીવનકથા	૪—૦—૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી પુ. ૨૭

વિજ્ઞાનની પરિભાષા

[પદાર્થવિજ્ઞાન અને રસાયણ]

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧	નિવેદન	૩
૨	પ્રાસ્તાવિક	૬
૩	પદાર્થવિજ્ઞાનના શબ્દો	૧
૪	રસાયણના શબ્દો	૧૭

પહેલી આવૃત્તિ, પ્રત ૭૫૦, ૧૯૪૪

પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન કાર્યાલય, કાળુપુર, અમદાવાદ

મુદ્રક
ચતુરભાઈ શનાભાઈ પટેલ
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય, મામાની હવેલી, શાકમાર્કેટ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

વિજ્ઞાનની પરિભાષાની આ નાનકડી ચોપડી પ્રસિદ્ધ કરતાં અનેક રીતે આનંદ થાય છે. એ નાનકડી છતાં, શિક્ષણ અને ભાષા-વિકાસના એક અતિ વ્યાપક અને મહા ક્રાંતિકારી ક્ષેત્રમાં પ્રવેશ કરાવે છે. અને માત્ર ૨૮ પાનાંમાં તેનું વસ્તુ આવી જતાં છતાં, તેને તૈયાર કરવામાં અનેક અભ્યાસીઓ અને શિક્ષકો તથા લેખકોની સેંકડો કલાકોની મહેનત, અભ્યાસ અને ચર્ચા સમાયેલાં છે. આ પરિભાષા નક્કી કરવાનું કામ શરૂ કરતાં તેને માટે જે મુખ્ય મુખ્ય બાબતો પ્રથમ વિચારવી જોઈએ અને જેમને ધ્યાનમાં લઈને કામ કરવું ઘટે, તે બધીનો ટૂંકામાં શરૂમાં વિચાર કરવામાં આવ્યો હતો, ને એક લેખરૂપે તે પ્રસિદ્ધ કર્યો હતો. ૧૯૪૧ના જાનેવારીના 'શિક્ષણ અને સાહિત્ય'ના અંકમાં પ્રસિદ્ધ થયેલો તે લેખ આના પ્રાસ્તાવિક તરીકે ઉતાર્યો છે. એટલે એમાં આવેલી બાબતોને આ નિવેદનમાં ફરી જણાવવાની જરૂર નથી.

એ લેખમાં બતાવેલી પરિભાષા સમિતિ, ૧૯૪૦માં તેની સ્થાપના થઈ ત્યારથી શરૂ કરીને, ૧૯૪૨ના ઉનાળા સુધી, (સત્રાન્ત રજાઓ બાદ કરતાં), લગભગ દર અઠવાડિયે મળી છે, અને તેણે પોતાનું કામ કર્યું છે. આમાં આપેલા શબ્દો તેનું પરિણામ છે. એ કામની ચર્ચાઓ અને તેમાં સૌ સાથીઓએ આપેલા શ્રમનાં મીઠાં સ્મરણો સૌ સભ્યોને રહેશે એમ માનું છું. પર્યાય પસંદ કરવા માટે માત્ર અંગ્રેજી શબ્દ સમજ્યે ન પતે; તે શબ્દને અંગેના બીજા અનેક તેને સંબદ્ધ અને વિરોધી શબ્દો ને ભાવો જોઈ લેવા જોઈએ. પછી જ સરળ, સ્પષ્ટ અને સૌને સમજાય એવો ભાવવાહી શબ્દ ખોળવો જોઈએ. તે પર્યાયની વિકાસક્ષમતા જોવી જોઈએ, જેથી સાધિત રૂપો બની શકે. તેના સંબદ્ધ તથા વિરોધી શબ્દોનો વિચાર પણ તેની જ સાથે ને તેની ભૂમિકામાં થવો જોઈએ. અને આવી આવી નાની મોટી અનેક રસિકતાઓ આ કામમાં અમે સૌએ અનુભવી છે. આ શબ્દોની રચના સાથે એ મીઠાં સંભારણાં હમેશ જડાયેલાં રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જાતની ચર્ચા સફળ થઈ શકવા માટે જરૂરી પૂર્વસામગ્રી તૈયાર ન હોત તો આ કામ વધારે વખત લેત. ગુજરાત વિદ્યાપીઠ ૧૯૨૬–૭ માં શરૂ થયું ત્યારથી ત્યાં વિજ્ઞાન સ્વભાષામાં શીખવાતું. એ સારુ જે અનુભવ અને સામગ્રી એકઠાં થયાં હતાં (અને તેમાં ગુજરાતીમાં મળતું વિજ્ઞાનસાહિત્ય તથા હિંદી મરાઠીમાં થયેલું પરિભાષા કામ વગેરે વપરાયાં છે.), તે બધું આ સમિતિ આગળ તૈયાર રાખવામાં આવ્યું હતું. અને ગુજરાતી સાહિત્ય પરિષદની વિજ્ઞાન-પરિભાષા સમિતિનો શબ્દકોષ તો હતો જ. તથા તેના મંત્રી શ્રી. પટવાએ, પોતે ત્યાર બાદ નોંધેલો ઉમેરાની તેની નકલ પણ અમને કૃપા કરીને આપી હતી, જેને સારુ અહીં આભાર માનું છું.

આમ આ પરિભાષા અનેક વરસોની અનેકવિધ મહેનતના પાયા ઉપર હોઈ, તે સૌ પ્રયત્નોનું જ ફળ છે એમ ગણાય, જેની અહીં સાભાર નોંધ લેવી ઘટે.

અને આથી આ પરિભાષાની એક ખાસિયત પણ નીપજે છે. પરિભાષાનું કામ દેશની અનેક ભાષાઓમાં ચાલે છે. આપણે ત્યાં પણ એ સારી પેઠે જૂનું છે. અનેક વસ્તુઓની જેમ આમાં પણ સ્વ૦ શ્રી. સયાજીરાવ ગાયકવાડ પહેલ કરનારા હતા. એ અંગે સ્વ. પ્રો. ગજ્જરનું કામ જાણીતું છે. અને ગાયકવાડ સરકારનું એક ખાતું વિજ્ઞાન અને વ્યવહારનાં ક્ષેત્રોના પારિભાષિક શબ્દો તૈયાર કરી દળદાર સંગ્રહ બહાર પાડે છે. ત્યારે આ જાતનાં બધાં કામો શિક્ષણ અને વ્યવહારની એવી દશા અને કક્ષાએ હતાં કે, પ્રત્યક્ષ ઉપયોગની અપેક્ષિતતા અત્યાર જેવી વ્યાપક અને સ્પષ્ટ નહોતી. તે એક રીતે કાંઈક નિરપેક્ષ રહીને ચાલી શકતાં હતાં. તેથી એ કામોમાં કાંઈક તરજુમિયાપણું અને અવહેવારુતા પણ હશે. પરંતુ ત્યારે તે દોષ એવો ભારે પણ નહોતો, કેમ કે ત્યારની પ્રચારદશામાં એ બધાં કામોએ દેશમાં એક સિદ્ધાંતરૂપે એ ભાવ સ્થિર કરવા પ્રયત્ન કર્યો કે, વિજ્ઞાન પણ સ્વભાષામાં જ ઊતરવું ને શીખવાવું જોઈએ. આ જ વસ્તુને ત્યાર બાદ બીજાં અનેક બળોએ પુષ્ટિ આપી તે સિદ્ધાંતને એક અમલી તત્ત્વ તરીકે આપણી પુનર્ઘટનામાં નિર્વિવાદ સ્થાન અપાવ્યું છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે હવે જે સમય આવે છે તે તેના પાલનના પ્રારંભનો શરૂ થાય છે. એની ચોક્કસ નિશાની એ છે કે, સરકાર પણ છેવટે એ મત પર પહોંચી છે, અને મૅટ્રિક સુધી સ્વભાષાનું માધ્યમ મરજિયાત કરવા જેટલે યુનિવર્સિટી સુધ્ધાં એંચાઈ આવી છે. સુધારકોએ આ કક્ષા-એથી પોતાનું કામ આગળ લેવાનું છે. આ પરિભાષા તે કક્ષાએ અને તેને મદદ કરવાને ઇરાદે છે.

હાઇસ્કૂલોમાં સ્વભાષા મરજિયાત માધ્યમ થવાને લીધે તથા વિદ્યાર્થીઓ પરભાષામાં વિજ્ઞાન કે કશુંય ઓછું જ સમજે એ ઉઘાડી વસ્તુ કબૂલ થવા લાગતાં, ગુજરાતીમાં વિજ્ઞાન શીખવવાનું વધતું જાય છે; તેને માટે વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકો સ્વભાષામાં થવા લાગ્યાં છે. આ બધું શુદ્ધ ભાવે ને સારી દિશામાં છે. પણ એમાં પરિભાષાનું એકધારાપણું નથી, અને એમાં એ પ્રયત્નોને દોષ ન દેવાય. કેમ કે એ બધા પ્રયત્નોને એકમેળ કરી એકધારાપણું સાધવાનો સંગઠિત પ્રયત્ન થયો નહોતો. પરિભાષા-પ્રયત્નની હવેની નવી દશાનું મુખ્ય કામ હોય તો આ છે. હજી યુનિવર્સિટી એમાં સક્રિય પડી નથી, પણ સરકારે* કાંઈક વિચાર કર્યો છે ખરો, જેને પરિણામે કેટલીક સર્વસામાન્ય મુખ્ય બાબતો રજૂ કરવામાં આવી છે. આ બાબતો ભિન્ન ભિન્ન પ્રયત્નોને એકમેળ કરી એકસમાન પરિભાષા નિપજાવવા અંગે છે. પણ તેથી આગળ તે પ્રયત્નો વધતા નથી. એ કામ પ્રજા જ કરી શકે.

ઉપર શરૂમાં કહી ગયો એમ, ગૂર્જરાત વિદ્યાપીઠ માટે આ કામ તેની પ્રત્યક્ષ જવાબદારીનું હતું. તેનું એક ધ્યેય તો છે જ કે બધું શિક્ષણ સ્વભાષા મારફત અપાવું જોઈએ. તેની ઇચ્છે ગૂર્જરાત વિદ્યા મંદિર પોતાનું કામ કરતું હતું. તે એ કામ કરે તો તે વાટે આખા ગુજરાતને માટે પ્રયોગરૂપે જ કરે ને તે તેને શોભે. આ વિચારમાંથી, અને ગુ૦ સાહિત્ય પરિષદની પરિભાષા સમિતિના એક આગેવાન વિદ્વાન સભ્યની સૂચનાથી, વિદ્યાપીઠની પરિભાષા સમિતિની ઉત્પત્તિ

* ૧૯૪૦ માં મધ્યસ્થ કેળવણી મંડળે હેઠરી સમિતિ નીમી હતી તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ, અને તે સારુ એક ખાસ સેવકને રોકીને એ કામ ઉપાડવામાં આવ્યું, જેનું પરિણામ – મેં શરૂમાં કહ્યું તેમ – આ ચોપડી છે.

એ પણ અહીં કહેવું જોઈએ કે, આ સમિતિના ઘણા સભ્યો લેખકો શિક્ષકો હોઈ તેમણે કુદરતી રીતે જણાવ્યું છે કે, જેમાં પોતાનાં સેવા ને સહકાર છે એવી આ સમિતિ જે શબ્દો ઠરાવે તેને અમે અનુસરીશું. અને એમ જ જો બીજા શિક્ષકો તથા લેખકો પણ આ શબ્દોને અનુસરે તો આ કામ આગળ ધપી શકે. ગુજરાતના વિજ્ઞાન–શિક્ષકો તથા લેખકોને મારી વિનંતી છે કે, તેઓ આ શબ્દોનો પ્રયોગ કરી, તે અંગે પોતાનો અનુભવ જણાવે, અને સુધારાવધારા ને જે ટીકા–સૂચનાઓ કરવા ઇચ્છે તે લખે.

ઉપર કહ્યું એમ, પરિભાષાનું કામ હવે અમલમાં મૂકવાની કક્ષાએ પહોંચ્યું છે, અને એ વખતે કાંઈક મદદ કરવાનો દાવો આ ચોપડી કરી શકે છે. તેથી જ તેમાં અનેકને જોઈ વિચારી તેમાંથી એક પર્યાય વીણીને આપ્યો છે. આ કામ કરવામાં જે મુખ્ય નિયમો ને મર્યાદાઓ ધ્યાનમાં રાખી છે, તે પ્રાસ્તાવિક લેખમાં જણાવી છે. એ કામ કેવું છે તે તો હવે શિક્ષણ ને સાહિત્ય જગતે જોવાનું છે. ૧૯૪૨–૪૪ની જેલમાં ત્યાં નવા થયેલા એક મિત્ર જોડે આ પરિભાષા વિષે થયેલી વાત અમારી સમિતિને થયેલો સંતોષ વ્યક્ત કરવા બહુ સમર્થક લાગે છે, તેથી તે અહીં ટૂંકમાં કહેવી દરગુજર થશે એવી આશા છે.

તે નવા મિત્ર M. Sc. છે. તેમણે કહ્યું કે, હું ગુજરાતીમાં વિજ્ઞાન ભણવા – ભણાવવાનું અશક્યવત્ જ માનું છું. અહીં એ જણાવવું જોઈએ કે, તે રાષ્ટ્રપ્રેમી ને સ્વભાષાભિમાની હોઈ, માધ્યમ સ્વભાષા હોવી ઘટે એમ માનનારા છે. પણ વિજ્ઞાનમાં તે બની શકશે કે કેમ એ વિષે તે, લગભગ મેં ઉપર કહ્યો તેવા ઠરાવ પર પહોંચ્યા હતા. તેથી વિદ્યાપીઠના પરિભાષાકામ અંગે તેમને જોવા જેટલી જિજ્ઞાસા થઈ અને મારી પાસે તે હોય તો માગ્યું. M. Sc. થયેલા એક ભાઈ એ જુએ તો મનેય કાંઈક સૂચનાઓ પણ મળે એ લોભે, અને ઉપરની માન્યતાવાળા તો તેને માટે વળી વિશેષ યોગ્ય, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની, મેં એમને પરિભાષાના આ શબ્દોનું છપાયેલું સાહિત્ય મંગાવી આપ્યું. તે તેમણે જોયું અને મને કહ્યું કે, માધ્યમ વિષેની અશક્યતાની મારી માન્યતા આ શબ્દો જોઈને ટળી છે, અને હવે હું માનું છું કે, ગુજરાતી દ્વારા સહેજે આપણે વિજ્ઞાન પણ શીખવી શકીશું. આ એમનો અભિપ્રાય જાણી હું રાજી થયો અને એમાં મને આ કાર્યને માટે અમુક હદની કૃતાર્થતા લાગી એ કહેવાની જરૂર નથી. આ પરિભાષા પાછળ કશો સંકલ્પ જો હોય તો એ જ છે કે, તે ગુજરાતી ભાષાને સહેજે ફાવશે ને એકધારી પરિભાષા વાપરવાના સૌના પ્રયત્નમાં પોતાનો ફાળો ઠીક રીતે આપશે.

આ ચોપડીના પ્રચારમાં મદદ માટે, જામનગરના સદ્‌ગત શ્રી. કાલીદાસ વીરજી દોશીના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી. ત્રિભુવનદાસે રૂા. ૨૫૦) આપ્યા છે, તે બદલ આભાર માનું છું. આથી હાઈસ્કૂલ વગેરેના શિક્ષકો માટે ભેટ તરીકે નકલ મોકલી શકાઈ છે. શિક્ષકોને મારી એટલી જ વિનંતી છે કે, તેઓ આ પરિભાષાને પોતાના શિક્ષણકામની કસોટીએ ચડાવી તેમાં પોતાનો જીવંત સહકાર આપી તે કામને આગળ વધારવામાં મદદ કરે.

અને જે અનેક મિત્રોએ તથા સમિતિના સભ્યોએ આ કામને મદદ કરી છે તેમનો આભાર માનું તે જરા ઔપચારિક લાગે એવા નિકટ બની અમે સાથે કામ કર્યું છે. આ કામને એમણે પોતાનું ગણ્યું છે અને તે ખાતે જોઈએ એટલો વખત આપવામાં એમણે હંમેશ તત્પરતા બતાવી છે. ગુજરાતીમાં પરિભાષાનું કામ તો અપાર દરિયો છે; તેમાં અનેક વિદ્યાઓના જાણકારોની કેટકેટલી સમિતિઓ બેસે તોય, તે કામ હજી કેટલોક સમય તો આપણી આગળ ખૂટે એમ જ લાગતું નથી. આ ભાઈઓનો આભાર માનવાની સાથે, એમને ને એ દ્વારા ગુજરાતના સૌ વિદ્વાનોને મારે વિનંતી કરવાની છે કે, આ કામને માટે તેઓ ભવિષ્યમાં મદદ આપવા તત્પર રહે.

આ પરિભાષાની ચોપડી જૂનમાં શાળાનું સત્ર ઊઘડે તે અગાઉ શિક્ષકોના હાથમાં પહોંચાડી દેવા ધાર્યું હતું. પરંતુ તે તો કયાં રહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજું ક્ષેત્ર અર્ધું થયું છે, ત્યારે તૈયાર થાય છે! પુસ્તિકા મેટ્રિક સુધીની જરૂર માટે વિચારેલા શબ્દોની છે, એ 'પ્રારંભિક' માં જણાવ્યું છે. (તેમાં ૧૦૨૪ પદાર્થવિજ્ઞાનના અને ૬૧૫ રસાયણ-વિદ્યાના મળી કુલ ૧૬૩૯ શબ્દો થાય છે.) પણ તેથી કરીને તેમાં એ જરૂરના બધા જ શબ્દો આપી દીધાનો દાવો નથી. મોટે ભાગે તે આવી જશે એમ માન્યું છે. પણ ખાસ તો એ કે, આપેલા શબ્દો પરથી નવા યોજવાને માટે અમુક ધોરણ જરૂર સૂચવાય છે; અને વાપરમાં ખૂટતા શબ્દો શિક્ષકો લખી મોકલશે તો આભાર થશે.

આ પુસ્તિકા તત્કાળ શિક્ષકોને હાથમાં પહોંચાડવાને ઇરાદે છે. તેથી, શબ્દોના અર્થ પણ આપીને કોશ આપવો સારો, એ પણ થઈ શકયું નથી. એટલે એની નકલો પણ તે જરૂર પૂરતી થોડી જ કાઢી છે. આ કોશ, તેથી, ખરું જોતાં કોશ નહિ, પણ પર્યાયોની યાદીરૂપ છે, જેથી શિક્ષક-લેખક-વિદ્યાર્થી-વર્ગને ઝટ જોવાને કામ દઈ શકે.

આથી જ ગુજરાતી પર્યાયોનો કક્કાવાર ક્રમ લઈ તેમના અંગ્રેજી શબ્દો આપવાનું અત્યારની કક્ષાએ છોડી દઈ, એટલો કાગળ અને મહેનત તથા ખર્ચ બચાવ્યાં છે.

હાઈસ્કૂલ સુધીમાં શીખવાતી બીજી વિજ્ઞાનશાખાઓના શબ્દોનું કામેય હજી ઊભું જ છે. તે પણ કરવું તો જોઈએ જ. શિક્ષકો તેમાં મદદ કરી શકે. આ કામ ગુજરાતને કેવું ફાવે છે, એ પરથી તેમાં વધુ માર્ગદર્શન પણ થશે માનું છું. અંતે આ કામમાં મદદ કરનાર સૌનો ફરીથી આભાર માનું છું.

મગનભાઈ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસ્તાવિક

['વિજ્ઞાનની ગુજરાતી પરિભાષા' એ લેખ]

માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનું વધવા લાગ્યું તેની સાથે સ્વભાષાની સ્થિર અને સર્વસંમત વૈજ્ઞાનિક પરિભાષાની જરૂર બધી બાજૂથી જણાવા લાગી છે. આજ કોઈ સ્થિર પરિભાષા ન હોવાથી અંગ્રેજી શબ્દ સાથે જ ગુજરાતી શબ્દ વાપરવો પડે છે. આ લાચારીમાંથી ઊગરવું હોય અને ભાષાનો વૈજ્ઞાનિક કોશ પણ સ્થિર કરવો હોય, તો આ કામમાં રસ લેતા શિક્ષકોએ તથા લેખકોએ સાથે મળીને કોઈકે સર્વસંમત પરિભાષા ઘડવી જોઈએ, અને પછી તેને શિક્ષણમાં તથા પુસ્તક-લેખન વગેરેમાં એકધારી વાપરતા થવું જોઈએ.

આ ઇરાદાથી, વિદ્યાપીઠે હાઇસ્કૂલ કક્ષા સુધીનાં રસાયન તથા પદાર્થવિજ્ઞાન માટેની પરિભાષાથી શરૂઆત કરી છે. તેને અંગે લખાયેલાં પુસ્તકો તથા સાહિત્યસભાઓએ ભિન્ન ભિન્ન ભાષામાં કરેલાં સૂચનો જોઈને, તેમાં આવતા પારિભાષિક શબ્દોનું તારણ કર્યું છે. અને તે પરથી, મેટ્રિક સુધીની જરૂર જેટલા શબ્દોનો ખરડો એ. બી. સી. ક્રમથી તૈયાર કર્યો છે. એ ખરડા વિષે તથા ઉપરના ઇરાદાને બીજી શી રીતે આગળ ધપાવી શકાય તેનો વિચાર કરવા, આ કામમાં રસ લેતા, અમદાવાદની હાઇસ્કૂલના શિક્ષક ભાઈઓની તથા વિજ્ઞાનના કેટલાક લેખકોની એક સભા રવિવારે તા. ૮-૧૨-'૪૦ને રોજ વિદ્યાપીઠમાં મળી હતી. શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા ત્યારે અમદાવાદમાં હોવાથી તેમનો લાભ પણ આ સભાને મળી શક્યો હતો.

તે કામ શરૂઆતમાં નીચે મુજબની મર્યાદા રાખી, ચાલુ કરવાનો વિચાર નક્કી કરવામાં આવ્યો : (૧) મેટ્રિક કક્ષા સુધીની વિજ્ઞાનશાખાઓ માટે પ્રથમ વિચાર કરવો. (૨) શરૂમાં પદાર્થવિજ્ઞાન અને રસાયણ લેવાં. ત્યાર બાદ ક્રમે ક્રમે આરોગ્ય, શરીરવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર વગેરે લેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પરિભાષા યોજવાની પાછળ મુખ્ય હેતુ એ છે કે, તેનો વ્યાપક ઉપયોગ શિક્ષણમાં થવા લાગે. આથી કરીને આ કામમાં વિજ્ઞાન-શિક્ષકોની પણ સહાય કીમતી થશે.

ઉપરાંત પુસ્તકના લેખકોનો પણ સહકાર જોઈએ. તેઓ જો એક નિશ્ચિત થયેલી પરિભાષા એકસમાન રીતે વાપરે, તો જ શિક્ષકોને પણ ફાવે અને વિદ્યાર્થીઓને પણ સરળતા પડે.

ઉપરની સભામાં આ બેઉ વર્ગના ભાઈઓ હાજર હતા એ સારી વાત ગણાય.

ત્યાર બાદ પરિભાષા યોજવાના સામાન્ય સિદ્ધાંતો બાબત ચર્ચા થઈ હતી. અને એક નાની સમિતિ× નીમી તેને સોંપવામાં આવ્યું હતું કે, તે સિદ્ધાંતો વિષે વધુ વિચાર કરીને, તેના કેટલાક સૂચક નિયમો ઘડી કાઢે, અને પછી તે પ્રમાણે, ઉપર કહેવામાં આવી તે યાદીઓ તપાસી, યોગ્ય પર્યાયો તૈયાર કરે.

આ કામ આખા ગુજરાતને માટે થાય છે. એટલે ગુજરાતની શાળાઓના વિજ્ઞાન-શિક્ષકોની જાણ સારુ, તથા તેઓ તેમાં પોતાની મદદ અને સહાનુભૂતિ આપે તે ઇરાદે,* ઉપલી સમિતિએ

× **પરિભાષા સમિતિ**

૧	શ્રી યશવંતરાય ગુ. નાયક	ગુજરાત કૉલેજ
૨	,, ધનજીભાઈ ફકીરભાઈ	,, ,,
૩	,, ઠાકોરભાઈ શ્રીપતરાય ઠાકોર	પ્રેપ્રાયટરી હાઈસ્કૂલ
૪	,, બબાભાઈ રામદાસ પટેલ	ફેલોશીપ હાઈસ્કૂલ
૫	,, નાથાલાલ નારણદાસ દેસાઈ	ટ્યુટોરિયલ હાઈસ્કૂલ
૬	,, નરસિંહભાઈ મૂ. શાહ	ગુજરાત કૉલેજ
૭	,, મગનભાઈ પ્ર. દેસાઈ	ગુજરાત વિદ્યાપીઠ
૮	,, નારાયણ સલારિયા	,, ,,
૯	,, બંસીધર ગાંધી (મંત્રી)	,, ,,

* અને એજ ઇરાદો આગળને માટે ધ્યાનમાં લઈને, જેમ જેમ શબ્દો નક્કી થતા ગયા, તેમ તેમ તેમને 'શિક્ષણ અને સાહિત્ય' માસિકમાં આપવામાં આવ્યા હતા, જેથી સમિતિના ચાલુ કામમાંય બહારગામના શિક્ષકો ભાગ લઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તા. ૧૫–૧૨–'૪૦ ના રોજ મળી, જે કેટલાક નિયમો વિચાર્યા છે, તેનો સાર નીચે આપ્યો છે. એ નિયમો સામાન્ય ઢબે જ ઘડાયા છે, કેમ કે ખરું કામ તો તેમને લાગુ કરીને યોગ્ય પરિભાષા ઉપજાવવાનું છે. આ નિયમો તે કામના કેટલાક મુદ્દા જ બતાવે છે.

૧. યોજવામાં આવે તે પરિભાષા શિક્ષણમાં વ્યાપક બને એ હેતુ સારામાં સારી રીતે સાધવો હોય તો, જે પરિભાષા ઘડવામાં આવે તે જેમ બને તેમ સરળ અને સહજ હોવી જોઈએ. જો તેમાં ક્લિષ્ટતા કે અટપટું લંબાણ કે ઉચ્ચારણ હશે તો તે હેતુ નહિ સાધી શકાય.

૨. આ સાધવાને માટે એક તો એ વસ્તુ યાદ રાખવી જોઈએ કે, આપણી ભાષાની તળપદી શક્તિનો ઉપયોગ કરવાનું ચૂકવું ન જોઈએ. એટલે કે, કેટલીક વાર જોવામાં આવતી, સંસ્કૃત કે અરબી મૂળ પર દોડી જવાની વૃત્તિ બહુ ઉત્તેજવા જેવી ન ગણાય. અહીં આગળ એ પણ યાદ રાખવું ઘટે કે, મરાઠી હિંદી જેવી ગુજરાતીની બહેનપણીઓ સાથે વધારે સામ્ય તદ્ભવ પર પહોંચ્યે મળશે.

૩. તળપદી શક્તિ દાખવીને કેટલાય પારિભાષિક શબ્દોને આજ સુધીમાં આપણે અપનાવી લીધા છે, — કયાંક તેમને માટે સહેલો પર્યાય યોજીને તો કયાંક તેમનું ઘરગથ્થુ ઉચ્ચારણ ફેરવી લઈને. જેમ કે, આગગાડી, દાક્તર, મોટર, સબ્રેપાટ, ઇંજિન વગેરે.

આવા શબ્દો પરિભાષામાં જેવા તેવા સ્વીકારી લેવા જોઈએ.

૪. કેટલાક શબ્દો મૂળ રૂપે જ આપણી ભાષામાં ચાલતા થયા છે. જેમ કે, ટ્રામ, પંપ, ઑકસીજન, વગેરે. આવા શબ્દો જેમ તે તેમ લઈ લેવા. કેમ કે તેમ કરવાથી ચાલતી — જીવંત પરિભાષા યોજવાનું બની શકે છે.

નોંધ : ઉપર જે ચાલતા થયેલા શબ્દો કહ્યા છે તે લોકની રોજની ભાષામાં ચાલતાને માટે છે.

૫. સામાન્ય રીતે પરભાષામાંથી નામ કે કદાચ વિશેષણ લઈ શકાય છે. ક્રિયાપદ લઈ શકાતું નથી; લેવામાં આવે તોય 'કરવું'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'થવું' જોડે તેને નામ રૂપે જ વપરાય છે. જેમ કે 'ઑક્સિડાઇઝ' કરવું કે થવું. એટલે જે શબ્દો લેવા હોય તે નામ કે વિશેષણ લેવા યોગ્ય થશે.

તે ઉપરથી ક્રિયાપદની જરૂર પડે તો નામ–ધાતુ બનાવવાની યુક્તિ બધામાં લઈ શકાય.

(ઉદા૦ ક્લોરીન – ક્લોરવવું, ક્લોરવેલું, ક્લોરવણ, ક્લોરવણી ઇ૦ બની શકે. ઑક્સીજન — ઑક્સવવું કે ઑક્સાવવું, ઑક્સાવેલું, ઑક્સવણી વગેરે.)

૬. કેટલાક પદાર્થો — અને તે રસાયણશાસ્ત્રમાં ઘણા છે — ગુજરાતીમાં જાણીતા જ નથી. જેમ કે, ક્લોરીન, રેડિયમ ઇ૦ તે નામ તરીકે સીધા તે ને તે રૂપે લઈ શકાય.

તેવાં લીધેલાં નામોની જોડણી નિશ્ચિત કરી લેવી જોઈએ.

જોંધ : sulphate, oxide જેવા શબ્દો આ પ્રકારના ગણવા.

૭. કેટલાક પદાર્થો માટે આપણે શબ્દ પણ હશે. જેમ કે, ગંધક — sulphur, લોહ — iron જેવા. તેવે સ્થાને ગુજરાતી શબ્દ રાખવો. અને જો આંતરરાષ્ટ્રીય જરૂરને લઈને તેનો આંતરરાષ્ટ્રીય પર્યાય વિદ્યાર્થીએ જાણવો જરૂરી લેખાય, તો તેને પણ કૌંસમાં મુકાય. ઉપર નિયમ ૬માં લખેલો જોડણીનો નિયમ તેને પણ લાગુ પડે છે.

૮. સાચી આંતરરાષ્ટ્રીય જરૂર નિશ્ચિત સૂત્રભાષા માટે ગણાય. એક રીતે +, –, × ઇ૦ ગણિતની સંજ્ઞા પેઠે એ સૂત્રોને માનીએ, તો તેમને સંજ્ઞા તરીકે એ જ રૂપે લેવામાં આવે. જેમ કે H_2O, H_2SO_4.

આનો અર્થ એ કે, તેનું લખાણ એમ રહે. બોલવા વાંચવાને માટે એ – બી – સીના અક્ષરો બોલાય; બાકી ગુજરાતી બોલાય.

૯. આ સિવાય, વિજ્ઞાનમાં જ્યાં સગવડ કે શ્રી૦, મિ૦, જેવા ટૂંકાણને ખાતર, પહેલો અક્ષર વાપરી સંજ્ઞા યોજી લેવાય છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી રૂઢ થઈ જાય છે, ત્યાં તેવી રૂઢિને આપણે જેવી ને તેવી સ્વીકારવા જરૂર નથી. જેમ કે, velocity માટે v., time માટે t, ઇ૦. આપણે તેને માટે આપણી જે પરિભાષા અને તેના અક્ષર-માંથી મેળ કરી લેવો જોઈએ. જેમ કે ધારો કે,

Velocity = વેગ — ટૂંકાક્ષર — વે૦
Time = કાળ — ,, — કા૦

આટલું લઈ શકાય. અને આપણે વાપરથી રૂઢ કરીએ તો v., t. પેઠે જ તે કામ દઈ શકે. પરિભાષાના ભાગ તરીકે, આ ટૂંકાણ નક્કી કરાવું જોઈએ.

૧૦. નવા શબ્દો બનાવવાને માટે અમુક દૃષ્ટિ રાખવી એ જ બતાવી શકાય. બાકી છેવટે એ કામ કાંઈક શબ્દરચનાની કળાનું કે તેની હથોટી હોવાનું પણ છે. (જેમ કે, આગગાડી શબ્દ બનાવનારે તે બતાવી છે.) આથી કોઈ ચોકસ નિયમ આપવા એ કદાચ અઘરું પડે. કેટલીક મર્યાદા જ બતાવી શકાય.

(૧) તરજુમિયા થવું ન જોઈએ. જેમ કે Polarization – ધ્રુવીભવન.

(૨) ગુજરાતી ભાષાની શબ્દશક્તિની ને શબ્દરચનાની યુક્તિઓ કામમાં લેવા તત્પર રહેવું જોઈએ.

(૩) જે પરિભાષા વાપરતાં ભાષાના વાક્યનો સામાન્ય પ્રવાહ ન રહે, એ ભાષા બરોબર ન લેખાય, કેમ કે તે જ કારણે તે રૂઢ નહિ થાય. મતલબ કે, પરિભાષા એવી જોઈએ કે જે સામાન્ય ભાષામાં વચ્ચે જડબાતોડ પડેલી ન લાગવી જોઈએ.

(૪) બનાવાતો શબ્દ, અને ત્યાં સુધી, તેના અર્થને સૂચવે એવો હોય. અને તે એવો હોય કે જેથી તેના પરથી સાધિત રૂપો બનાવી લેવાય.

(૫) સાધિત રૂપો બનાવવાને માટે ગુજરાતીમાં પ્રચલિત પૂર્વગ અનુગનો ઉપયોગ કરી શકાય. તેને માટે સંસ્કૃત પર જ જવાની અનિવાર્યતા ન મનાવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) અંગ્રેજી શબ્દ તે તે વિજ્ઞાનશાખામાં જે અર્થમાં હોય તેનો જ મુખ્ય ખ્યાલ રાખીને પર્યાય યોજવો.

એટલે, જેમ અંગ્રેજીમાં એક શબ્દ ભિન્ન શાખાઓમાં ભિન્ન અર્થમાં આવે છે, તેમ ગુજરાતી શબ્દની શક્તિ પણ હોઈ શકે. તેવા અંગ્રેજી શબ્દને માટે, બધા અર્થો ઘટાવતો ગુજરાતી પર્યાય શોધવામાં પડવાની જરૂર નથી. બીજી બાબતો સંભાળવાની સાથે સહેજે એ બનતું હોય તો તે ત્યાજ્ય ન હોય, એ કહેવાની જરૂર નથી.

(૭) શબ્દ બનાવવાને માટે તેની વ્યંજના ઉપર દૃષ્ટિ રાખવી; અંગ્રેજીમાં આવતા રૂપ પર નહિ. જેમ કે anti-clockwise નો શબ્દ બોળવા સારુ anti, clock, wise ત્રણનો ભાવ આણીને એક શબ્દ યોજવા જવું એ વ્યર્થ છે. 'ડાબેરી', 'ઘંટી-ફેરે,' 'અવળું,' જેવો પ્રયોગ કરી શકાય.

('શિક્ષણ અને સાહિત્ય'ના જાનેવારી, ૧૯૪૧, ના અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

PHYSICS — પદાર્થવિજ્ઞાન

A

Aberration દિશાંતર
,, (spherical) ગોલીય દિશાંતર
,, (chromatic) રંગ-દિશાંતર
Abscissa કોટિ
Absolute (temperature etc.) નિરપેક્ષ
Absolute zero ઉષ્માર'ભ
Absorb શોષવું
Absorbant શોષક
Absorption શોષણ
Co-efficient of શોષણાંક
—lines શોષણ-રેખા
—spectrum-નો વર્ણપટ
Acceleration પ્રવેગ
Accelerator પ્રવેગક
Accelerated પ્રવેગિત
(To) Accelerate પ્રવેગવું
Accelerated motion પ્રવેગ-ગતિ
Accommodation (of the eye) મેળવ-શક્તિ
Accoustics ધ્વનિશાસ્ત્ર
Accumulator સંચય-બૅટરી
Achromatic ભૂળરંગી
Action ક્રિયા, આઘાત
Active સક્રિય
Active (optically, radio, chemically) સતેજ
Adhesion સંસર્ગ-બળ
Adsorption શોષણ
Aerated વાયુમિશ્ર
(To) Aerate વાયુમિશ્ર કરવું
Aerated waters સોડા-લેમન
Aeroplane એરોપ્લેન
Aerial એરિયલ
Agate અકીક
Agonic lines ધ્રુવરેખા
Air-Bath જુઓ Bathમાં
Air-boat હવાબોટ
Air-chamber હવાપેટી
Air-ship હવાઈ જહાજ
Air-conditioned વાતાનુકૂલ
Air-conditioning વાતાનુકૂલતા
Air-tight એરટાઈટ
Alpha rays આલ્ફા-કિરણો
Alternate એ.સી.
Alternating current એ.સી. પ્રવાહ
Alternator એ.સી. ડાઈનેમો
Altimeter ઉંચાણ-માપક
Altitude વેધ, ઊંચાઈ
(To) amalgamate પારવવું
Amalgamation પારવણી
Amber કેરબો, એમ્બર
Ammeter આંમીટર (પું૦)
Ampere આંપેર (પું૦)
Amperage આંપરેજ
Amplify વધારવું (magnify મોટવવું, મોટવણી; diminish નાનવવું, નાનવણી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Amplification વધારો
Amplifier વધારણું
Amplitude કંપમાત્રા
Analysis પૃથક્કરણ
Angle acute લઘુકોણ
—Adjacent ઉપકોણ
—Alternate યુગ્મકોણ
—Complimentary કોટિકોણ
—Corresponding અનુકોણ
—Critical ક્રાન્તિકોણ
—Dip નમનકોણ
—Deflection વંકણ-કોણ
—Deviation ચલકોણ
—Declination ધ્રુવકોણ
—Emmergence નિર્ગમકોણ
—Incidence આપાતકોણ
—Reflection પરાવર્તનકોણ
—Refraction વલનકોણ
—Friction ઘર્ષણ-કોણ
—Dihedral દ્વિતલકોણ
—Eccentric ઉત્કેન્દ્રકોણ
—Exterior, external બહિષ્કોણ
—Included અંતર્ગત
—Interior, internal અંતઃકોણ
—Intrinsic સ્પર્શકોણ
—Obtuse ગુરુકોણ
—Plane ક્ષેત્રકોણ
—Reflex વિપરીત કોણ
—Right કાટખૂણો
—Solid ઘનકોણ
—Supplimentary પૂરક કોણ
—Vertically opposite અભિકોણ
Angular motion કોણ-ગતિ
Anion સ્ત્રી-આયન, ઋણ આયન
Anode પું-ધ્રુવ; ધન ધ્રુવ
Anode rays પું-કિરણો, ધનકિરણો
Anomalous અનિયમિત
Anti-clockwise અવળું
Anti-node પ્રતિસંપાત
Aperture છિદ્ર
Apparatus સાધન
Apparent દેખીતું
Appex શિરોબિંદુ
Applanatic સમતલ
Aqueous humour નેત્રજલ
Arc-lamp, Arc-light ચાપદીવો
Area ક્ષેત્રફળ
Armature આર્મેચર
Arms ભુજ
Arm (power) કર્તાભુજ
,, (load) ક્રિયાભુજ
Artesian well પાતાળ-બોરિંગ
Ascent ચઢાવ
Astronomical telescope અગોળ-દૂરબીન (Terrestrial telescope ભૂગોળ-દૂરબીન)
Atmosphere વાતાવરણ [દબાણ
Atmospheric pressure હવાનું
Atom પરમાણુ (Molecule અણુ, Particle, corpuscle કણ)
Atomiser કણદાની
Attraction આકર્ષણ (Repulsion પ્રત્યાકર્ષણ)
Audition શ્રવણ
Auditory nerves શ્રવણ-તંતુ
Audible શ્રાવ્ય, Inaudible અશ્રાવ્ય
Average સરેરાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Aviation વિમાનવિદ્યા
Aviator વિમાની
Axis ધરી (Axle ધરી)
Axis (આલેખમાં) અક્ષ
– of x કોટ્યક્ષ; –of y ભૂજાક્ષ;
– of z વેધાક્ષ
Axiom મંત્ર

B

Balance કાંટો
—spring કમાન–કાંટો
—Hydrostatic જળકાંટો
Balance-wheel બાલચક્કર
Balancing સમતોલ
Ball-bearing બૉલ–બેરિંગ
Ball & ring ગોળાકડી
Baloon બલૂન
Barometer બેરોમિટર
—siphon સાઇફન–બેરોમિટર
—aneroid ખિસ્સા–બેરોમિટર
Barograph બેરોગ્રાફ
Baroscope બેરોસ્કોપ
Barrel ભૂંગળી
Bar–magnet ચુંબકપટ્ટી (ચપટી);
ચુંબક–સળી (ગોળ)
Bath તપામણું
Sand– રેતીનું તપામણું
Water– પાણીનું તપામણું
Air– હવાનું ,,
Battery બૅટરી
—primary મૂળ બૅટરી (?)
—secondary ગૌણ બૅટરી (?)
Battery high tension તેજ (?)
low tension મંદ (?)
Beaker બીકર (ન.)
Beam કિરણ; દાંડી; પાટડો
Beat થડકો; phenomena of
beats થડકાટ
Bell-jar ઘંટી
Belt પટો
Bend ઝૂકવું
Bending of a beam ઝુકાવ
Binocular બેનાળી દૂરબીન
Blind spot અંધભાગ
(To) boil ઊકળવું (અ. ક્રિ.)
ઉકાળવું (સ. ક્રિ.)
Boiler બૉઇલર
Boiling point ઊકળબિંદુ
Bore વીંધ, વેધ [કાટલાં
Box (weight) વજનપેટી; weights
Brake બ્રેક
,, automatic સ્વયંબ્રેક
Bramah's press બ્રામાપ્રેસ
Breaking point તાણ–મર્યાદા
Bridge (meter) મિટર બ્રિજ
,, suspension ઝૂલતો પુલ
Brittle બટકણું, બરડ
Brittleness બરડપણું
Brush બ્રશ, કૂચડો
Bucket & cylinder નળાકોલ
Bulb ગોળો
Bubble પરપોટા
Buffer બફર
Burette બ્યુરેટ
Buoy બોયું
Buoyancy તારણશક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Buoyant (adj.) તારક
Burner દીવો, મોઢિયું

C

Callipers કૅલીપર (પું.)
—inside અંદરનો
—outside બહારનો
—vernier વર્નિયર
—sliding સરકતો
Calorie કૅલરી
,, British બ્રિટિશ કૅલરી
Calorimeter કૅલરીમિટર
Camera કૅમેરા
,, pinhole છિદ્રવાળો કૅમેરા
Candle મીણબત્તી
Candle power બત્તી-શક્તિ
Capacity (contents) સમાવ
Capacity (electricity) સમાવ
Capacity (ability) ગુંજાશ
Capillarity કેશાકર્ષણ
Capillary tubes કેશનળી
Cartesian Diver (રમકડું) મરજીવું
,, (માણસ) મરજીવો
Cation પુમાયન, ધનઆયન
Cathode સ્ત્રી-ધ્રુવ, ઋણ-ધ્રુવ
Cathod-rays ઋણ કિરણો, સ્ત્રી-કિરણો
Cell કોષ
Centre of Curvature ગોળાઈનું કેન્દ્ર
—Inertia જડતાનું કેંદ્ર
—Gravity, mass, attraction તોલબિંદુ, ગુરુત્વકેંદ્ર
—Pressure દાબકેંદ્ર
—Buoyancy તારણનું કેંદ્ર
Centrifugal કેંદ્રત્યાગી
Centripetal કેંદ્રગામી
Charge વિજભારો
—positive પું-વિજભારો (?)
—negative સ્ત્રી-વિજભારો (?)
(To) charge વિજભારવું
Circuit સર્કીટ
Circular વર્તુલ (વિ.)
Circular motion વર્તુલ ગતિ
Clockwise સવળું
(To) Coat મઢવું
Coating (external) ઉપરણ
,, (internal) અસ્તર
Co-efficient અંક
Coil ગૂંચળું
Cohesion સંઘાત
Cohesive force સંઘાત-બળ
Communicating vessel રમણપાત્ર
Combination of pulleys ગરેડીની કપ્પી
Combination of cells in parallel કોષનું સમગઠન
—in series કોષનું ક્રમગઠન
Commutator ડી.સી.કર.
—(switch) બેવડી ચાંપ
Compass હોકાયંત્ર
Compass needle હોકાયંત્રનો કાંટો
Complimentary colours પૂરક રંગ
Component ઘટક
Composition (forces) સંગઠન
(To) compound (forces) સંગઠવું
Compound colours મિશ્રરંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compressible દબનીય
Compressibility દબનીયતા
Compression દબાઈ
Compression pump દાબ-પંપ
Concave અંતર્ગોળ
(To) condense (Heat) ઠારવું; ઠારવું (elec. light etc.) જમવું, જમાવવું
Condensor (elec., light etc.) જમાવણું
Condensation ઠારણ. (sound etc.) જમાવટ
(To) conduct વહવું
Conduction વહન
Conductor વાહક
—(good) સુવાહક
—(bad) કુવાહક
—(non) અવાહક
Conjugate સહ (સમાસમાં)
Conservation (energy, mass) અખંડતા
Constant દઢાંક
—(universal) નિત્યાંક
Contract સંકોચાવું, સંકોચવું
Contractible સંકોચનીય
Contractibility સંકોચનીયતા
Contraction સંકોચન
Convection નયન
Converge એકઠાવું
Convergence એકઠાણ
Converging એકઠાતું, એકઠાવતું
Convex બહિર્ગોળ
Corpuscle કણ
Couple બળજોડ
Crane ઊંટડો
Crank ક્રેન્ક (સ્ત્રી૦)
Crank shaft ક્રેન્કની લાટ
Crest (of a wave) કૂમકી
Critical point ક્રાંતિ-બિંદુ
Cross-section વાટ, આડો વાટ
Curvature ગોળાઈ
Curve આલેખ

D

Declination ધ્રુવપાત
,, circle ધ્રુવપાત-માપક
(To) deflect વંકાવું
Deflection વંકાણ
Degree અંશ
(To) demagnetise વિચુમકાવવું
Demagnetisation વિચુમકાવણી
Density ઘટત્વ
Depolarizer વિધ્રુવક
Descent ઉતાર
Dew ઓસ
Dew point ઓસાંક
Diaphragm પડદી, પડદો
Diffusion વ્યાપન
Diffuse વ્યાપવું
Digester કૂકર
Dimension પરિમાણ
Diminish નાનવવું
Diminished નાનું
Diminution નાનવણી
Dip નમન
Dip-circle નમન-માપક
Dip-needle નમન-કાંટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Direct ડી. રી.
Direct current ડી. રી. પ્રવાહ
(To) discharge નિર્વિજકાવવું
Discharger નિર્વિજકાવણ
Discharge નિર્વિજકારો
Discord વિવાદ
Discordant વિવાદી
Dissociation છુટાણ
Distill આસવવું
Distillate આસવ
Distillation આસવન
(To) disperse વિચ્છેદવું (સ. ક્રિ,) વિચ્છેદાવું (અ. ક્રિ.)
Dispersion વિચ્છેદ
Dispersive power વિચ્છેદ-શક્તિ
(To) displace ખસેડાવું, ખસવું, (અ. ક્રિ.) ખસેડવું (સ. ક્રિ.)
Displaced liquid ખસામણ
Displacement ખસેડ
Displacement jar ખસામણ
(To) disturb વિક્ષોભ થવો,-કરવો
(To) diverge પહોળાવું,-ળાવવું
Divergence પહોળાણ
Divergent પહોળાવતું, પહોળાતું
Diver's dress મરજીવાનો પોશાક
Divisibility વિભાજ્યતા
Dry cell સૂકો કોષ
Ductile તણાઉ
Ductility તણાઉપણ
Dynamics ગતિશાસ્ત્ર
Dynamic friction ચાલુ ઘર્ષણ
Dynamo ડાયનેમો
Dyne ડાઈન

E

Ebonite અબનૂસી
Eccentric ઉરકેંદ્ર
Echo પડઘો
—multiple પડઘાપડઘી
Eddy currents વમળ
Efficiency સાધકતા
Elasticity સ્થિતિસ્થાપકતા
Elastic limit સ્થિતિસ્થાપક મર્યાદા
Electric arc ચાપદીવો
Electricity (static) સ્થિર વીજળી
,, (current) વહેતી ,,
Electrified (bodies) વિજકાવેલું
Electrifiable વિજકાવનીય
Electrification વિજકાવણી
(To) Electrify વિજકાવવું
Electro-chemical equivalent વીજ-રસાયનાંક
Electro chemical (adj.) વીજ-રસાયની
Electrode વીજ-ધ્રુવ
Electrolyte વીજ-દ્રાવણ
Electrolyses વીજ-દ્રાવણનું પૃથક્કરણ
Electro-magnet વીજ-ચુંબક
Electro-magnetic વીજચુંબક
Electron સ્ત્રી-વીજાણુ, ઋણ-વીજાણુ
Electron-theory વીજાણુવાદ
Electro-plate (v.) ગિલેટવું; (n.) ગિલેટ
Electro-scope વીજદર્શક
Electro-statics વીજ-સ્થિતિશાસ્ત્ર
Electro-static સ્થિર વીજળીનું
Electro-dynamics વીજ-ગતિશાસ્ત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Electro-dynamic વહેતી વીજળીનું
Electro-phorus ફૂલક-યંત્ર
Element મૂળતત્ત્વ
Elevation ઊંચાઈ; (મકાન માટે)દર્શન
E. M. F. વીજળીનું દબાણ
(સંક્ષેપ વી૦ દ૦)
Energy કાર્યશક્તિ
—potential સ્થિતિશક્તિ
—kinetic ગતિશક્તિ
Engine એંજિન
Diesel- ડીઝલ-એંજીન
Gas- ગૅસ-એંજીન
Steam- વરાળ-યંત્ર
Oil- તેલ-એંજીન
Equilibrium સમતોલન
—stable સ્થાયી સમતોલન
—unstable અસ્થાયી સમતોલન
—neutral અખંડ સમતોલન
Equilibrant સમતોલક
Erg અર્ગ
Escapement ઘોડાકળ
Ether ઈથર
Evaporate ઊડી જવું
Evaporation બાષ્પાયન
Expansion ફુલાવો
—linear લંબાઈનો ફુલાવો
—areal or superficial ક્ષેત્રનો ફુલાવો [ફુલાવો
—cubical or volume કદનો
—(Co-efficient of) ફુલાવાંક
Expansibility ફુલનીયતા
Experiment પ્રયોગ
Extension તણાવ
Eye-piece આંખિયું

F

Field ક્ષેત્ર
—magnetic ચુંબક-ક્ષેત્ર
—electric વીજ-ક્ષેત્ર
—gravitational ગુરુત્વ-ક્ષેત્ર
Field strength (Intensity)
ક્ષેત્રની પ્રબળતા
Field-glass બેનાળી દૂરબીન
Field-magnet ક્ષેત્ર-ચુંબક
Filament તંતુ
Filings (ધાતુનો) વહેર
Fixed point આંકણીનું બિંદુ
Flame જ્યોત
Flask ચંબુ
Fluid વાહી (વિ.)
Fly wheel ફૂલાયવ્હીલ
Focal length નાભિઅંતર
Focus નાભિ
Fog ધૂમસ
Force બળ
—component of બળઘટક
—resultant પરિણામબળ
—parallelogram of બળોનો સમાંતર ચતુષ્કોણ
Formula સૂત્ર
Fractional વિભાગીય
Free surface ખુલ્લી સપાટી
Freeze થીજવું, થીજવવું
Freezing point થીજાંક
Freezing mixtures થિજવણાં
Frequency ફરીતા
Friction ઘર્ષણ
—co-efficient of ઘર્ષણાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Friction—static પ્રારંભિક ઘર્ષણ
—dynamic ચાલુ ઘર્ષણ
—sliding પાટ-ઘર્ષણ
—rolling ચાક-ઘર્ષણ
—limiting ઘર્ષણ-મર્યાદા
Frost હિમ
Fulcrum આધાર
Furnace ભઠ્ઠી
Fuse ફ્યૂઝ પું.
(To) fuse પીગળવું
Fusion પીગળણ

G

Galvanometer પ્રવાહમાપક
Galvanoscope પ્રવાહદર્શક
Gas વાયુ
Gas carbon ગેસ કાર્બન
Gas engine ગેસ એન્જિન
Gas Jar વાયુપાત્ર
Gauge માપણું
,, (rain) વરસાદનું માપણું
Gear દાંતો. — wheel દાંતાચક
Glacier હિમનદી, હિમપર્વત
Glider હવાઈ તરાપો
Governor ગવર્નર
Graduated આંકેલું
Gramophone ગ્રામોફોન
Graphite ગ્રેફાઈટ
Graph આલેખ
Gravitation ગુરુત્વાકર્ષણ

H

Hail કરા
Hardness કઠણતા
Hare's apparatus હેરનું સાધન
Harmonics સંવાદી સ્વરો
Heat ઉષ્મા
Heater હીટર
Helix (solenoid) વીંટો
Heterogeneous વિષમરસ
Homogeneous સમરસ
Horse-power અશ્વશક્તિ
Horizon ક્ષિતિજ
Horizontal આડું (ઓળમ્બે)
Vertical ઊભું [ઓળમ્બે]
Humidity ભેજ
Humidity (Absolute) ભેજ
Humidity (Relative) ભેજનું પ્રમાણ
Hydro-electric works જળ-વીજનું કારખાનું
Hydrogen હાઇડ્રોજન
Hydrometer હાઇડ્રોમિટર
Hydrostatic pressure જળ-દબાણ
Hygro-meter ભેજમાપક
Generator જનક
A. C. Generator એ.સી.જનક
D. C. ,, ડી. સી. જનક
Incident Ray આપાત-કિરણ
To induce પ્રેરવું
Induced પ્રેરિત
Induction પ્રેરણ
,, -coil પ્રેરણ-ગૂંચળું
Infra-red પાર-રાતું
Ignition સળગ
Ignition point સળગ-બિંદુ
(To) illuminate ઉજાસવું
Illumination ઉજાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Image પ્રતિબિંબ
,, virtual આભાસી પ્રતિબિંબ
Image (multiple) પ્રતિબિંબમાળા
Impenetrable અભેદ્ય
Impenetrability અભેદ્યતા
Impact આઘાત
Impulse ધક્કો
Inactive અક્રિય
Incandescent lamp અંગાર-દીવો
Incandescence અંગાર-પ્રકાશ
Inclined plane ઢાળ
Angle of – ઢાળકોણ
Indestructibility અવિનાશિતા
Index કાંટો
Induction પ્રેરણ
Inductivity પ્રેરકતા
Specific ,, પ્રેરકતાનો અંક
Inertia જડતા
Infinite number અનંત
Infinity અનંતતા
Ink-filler શાહીની ટોટી
(To) insulate વીજ-રાખવું
Insulated વીજ-રાખેલું
Insulator વીજ-રખું
(To) interfere અથડાવું
Interference અથડાટ
Interfering અથડાતાં
Intermittent તૂટક
Ion આયન (પું૦)
(To) ionise આયનવું
Ionisation આયનન
Ionised આયનિત [(ઘનપદાર્થ)
Irregular solids અનાકૃત
Isochronous એકમુદતી
Isogonic lines સમકોણી રેખાઓ
Joule જૂલ
Kaleidosope બહુબ્રાન
Kation પુમાયન, ઘન-આયન
Key કળ
Kinetic theory (of Gases) (વાયુઓનો) ગતિવાદ
Knife-edge ધાર
Knob મોગરો
Lactometer દૂધકસી
